eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 244
September 03, 2010

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૭/૦૮/૨૦૧૦ના રોજ યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ



"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" અન્વયે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૭/૮/૨૦૧૦, શુક્રવારના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયતઝોનમાં સીટી પ્લાઝા–પ્રિયંકા ઈન્ટરસીટીની સામે, નહેર કોલોનીની બાજુમાં ખાડીબ્રિજ, મગોબ, પરવત પાટિયા પાસે, સુરત ખાતે ખાડીબ્રિજની ખાતમુહૂર્તવિધિ સવારે ૯.૦૦ કલાકે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૩૦/૦૮/૨૦૧૦ના રોજ યોજાયેલ રેલ્વે ઓવરબ્રિજની ખાતમુહૂર્તવિધિ

સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦ અન્વયે તા. ૩૦–૦૮–૨૦૧૦ સોમવારના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા ડીંડોલી તરફે, રેલ્વે ફાટકની બાજુમાં, મહાદેવનગર સોસાયટી પાસે, ડીંડોલી, સુરત ખાતે સાકારિત થનાર રેલ્વે ઓવરબ્રિજની ખાતમુહૂર્તવિધિ જાહેર બાંધકામ સમિતિના મા. અધ્યક્ષશ્રી શશીકાંતભાઈ દાળિયાના વરદ હસ્તે સંપન્ન થઈ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ઝોનલ ચીફ શ્રી સી.જે.ગામીત સાહેબના માર્ગદર્શન હેઠળ વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ અટકાવવા અંગે ઓગષ્ટ–૧૦ માં ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કતલખાના બંધ રાખવા અંગેની જાહેર સુચના

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮ થી વિદિત થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## હવામાન વિભાગની આગાહી સંદર્ભે લેવાના પગલા અને પૂર્વ તૈયારી અંગેની સમીક્ષા



હવામાન વિભાગ ધ્વારા ગુજરાતમાં થનાર ભારેથી અતિભારે વરસાદની આગાહી સંદર્ભમાં આજે સિંચાઈ વિભાગના, સી.ડબલ્યુ.સી.નાં અધિકારી, કલેકટરશ્રી,સુરત મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી,સુરત ધ્વારા આ પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૭/૦૮/૨૦૧૦ના રોજ યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" અન્વયે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૭/૮/૨૦૧૦, શુક્રવારના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયતઝોનમાં સીટી પ્લાઝા–પ્રિયંકા ઈન્ટરસીટીની સામે, નહેર કોલોનીની બાજુમાં ખાડીબ્રિજ, મગોબ, પરવત પાટિયા પાસે, સુરત ખાતે ખાડીબ્રિજની ખાતમુહૂર્તવિધિ સવારે ૯.૦૦ કલાકે, ટી.પી.૮(ઉમરવાડા) એફ.પી.૧૪૭, મિલેનીયમ માર્કેટની પાછળ, સાંઈદર્શન માર્કેટની બાજુમાં, કમેલાદરવાજા રોડ,ઉમરવાડા, સુરત ખાતે મલ્ટીલેવલ પાર્કિંગ કોમ્પલેક્ષની ખાતમુહૂર્તવિધિ સવારે ૯.૩૦ કલાકે અને ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત ખાતે કોમ્યુનીટી હોલની ખાતમુહૂર્તવિધિ સવારે ૧૦.૦૦ કલાકે જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી શશીકાંતભાઈ દાલિયાના વરદહસ્તે રાખવામાં આવી હતી.




ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત ખાતે યોજાયેલ મુખ્ય સમારોહમાં શાસકપક્ષના મા.નેતાશ્રી ભીમજીભાઈ પટેલે સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ વિવિધ પ્રજાલક્ષી સુવિધાના કામો કરી ભારતમાં નંબર ૧ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શાસકો અને અધિકારીઓની ટીમ સુરતે પ્રજાના સાથ સહકારથી ઘણા વિકાસલક્ષી કામો કર્યા છે.

સ્થાયી સમિતિના મા. અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકાએ છેલ્લા કેટલાક વર્ષોમાં વિકાસની જે હરણફાળ ભરી છે તે વિક્રમ જનક છે. આ વિસ્તારમાં બે સીસી રોડનું આયોજન કર્યુ છે. બાગોનું નિર્માણ કર્યું છે. શહેરી ગરીબો માટે સુવિધાયુકત આવાસોનું આયોજન કરવામાં આવી રહયું છે.

મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે લિંબાયત ઝોનમાં રૂ.૪૬.૧૦ લાખના ખર્ચે તૈયાર થનાર આ ખાડી બ્રિજથી ટ્રાફિકની સમસ્યા હળવી બનશે. તે ઉપરાંત ૪૭૪ લાખના ખર્ચે તૈયાર થનાર મલ્ટીલેવલ પાર્કિંગ કોમ્પલેક્ષ તૈયાર થવાથી આજુબાજુના કોમર્શીયલ વિસ્તારોના વેપારીઓ, મુલાકાતીઓની તેમના વાહનોના પાર્કિંગની સમસ્યા હળવી બનશે. તે ઉપરાંત ઉધના ઝોનમાં રૂ.૬૫ લાખના ખર્ચે તૈયાર થનાર કોમ્યુનીટી હોલની સુવિધાનો લાભ શહેરની જનતા લઈ શકશે. શહેરની મધ્યમ વર્ગની જનતાને ધ્યાનમાં રાખી ભાડાના વ્યાજબી દર રાખ્યા છે. સુરત મહાનગરપાલિકાએ અંદાજે ૧૦૦ જેટલા બાગોનું નિર્માણ કર્યુ છે.ઉધનાઝોન વિસ્તારમાં બીઆરટીએસ સુવિધાનું આયોજન કરવામાં આવી રહયું છે. શાસકો તથા સુરત મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીની ટીમ સુરતે શહેરનો જે વેગીલો વિકાસ કર્યો છે અને અનેરી સિધ્ધિ મેળવી છે અને તે બદલ સુરત મહાનગરપાલિકાએ ઘણા એવોર્ડો પ્રાપ્ત કર્યા છે.




અંતમાં જાહેર બાંધકામ સમિતિના ચેરમેન શ્રી શશીકાંતભાઈ દાલિયાએ મંચસ્થ મહાનુભાવો મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા. શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારી/કર્મચારી ગણ તેમજ નગરજનોનો આભાર માન્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૩૦/૦૮/૨૦૧૦ના રોજ યોજાયેલ રેલ્વે ઓવરબ્રિજની ખાતમુહૂર્તવિધિ



સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦ અન્વયે તા. ૩૦–૦૮–૨૦૧૦ સોમવાર ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા ડીંડોલી તરફે, રેલ્વે ફાટકની બાજુમાં, મહાદેવનગર સોસાયટી પાસે, ડીંડોલી, સુરત ખાતે સાકારિત થનાર રેલ્વે ઓવરબ્રિજ ની ખાતમુહૂર્તવિધિ જાહેર બાંધકામ સમિતિના મા. અધ્યક્ષશ્રી શશીકાંતભાઈ દાળિયા ના વરદ હસ્તે સંપન્ન થઈ હતી.

મા. કમિશનરશ્રીએ સર્વે મહાનુભાવોનું આ પ્રસંગે સ્વાગત કરતા જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા શહેરી જનતાને સુવિધાઓ આપવા માટે સતત પ્રયત્નશીલ છે. રૂા. ૩૦ કરોડના ખર્ચે તૈયાર થનાર આ રેલ્વે ઓવરબ્રિજ તૈયાર થવાથી આ વિસ્તારની જનતાની ટ્રાફિકની સમસ્યા હળવી થશે. આ રેલ્વે ઓવરબ્રિજ તૈયાર થતા મગોબ, ડીંડોલી, ઉધના તરફના ટ્રાફિકના પ્રવાહને સીધો સુરત–બારડોલી રોડ અને સુરત–નવસારી રોડ સાથે સાંકળી શકાશે અને તેના કારણે પ્રદૂષણમાં ઘટાડો થશે તેમજ ઈંધણની બચત થશે. આગામી દિવસોમાં વધુ વરસાદ થવાની શકયતા હોય તેવા સંજોગોમાં પાલિકા તંત્રને સહકાર આપવાની શહેરની જનતાને અપીલ કરી હતી.

ત્યારબાદ મહાનુભાવોનું બુકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું. મા. શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે છેવાડાના માનવીનો વિકાસ થાય તે માટે સુરત મહાનગરપાલિકા સતત પ્રયત્નશીલ છે. શાસક પક્ષ તથા કમિશનરશ્રી અને અધિકારી/ કર્મચારીગણે રાતદિવસ એક કરી શહેરના વિકાસને વેગવંતો બનાવ્યો છે.



મા. સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, ડાયનેમીક પર્સનાલીટી ધરાવતા કમિશનર તથા અધિકારી/કર્મચારીઓના સહકારથી શાસકપક્ષે સુરત મહાનગરપાલિકામાં વિકાસના ઘણા કામો કર્યા છે. શહેરના નવા વિસ્તાર એવા લિંબાયત ઝોનનો વિકાસ બેનમુન છે. છેલ્લા પાંચ વર્ષમાં સ્ટ્રીટ લાઈટ, પહોંળા રસ્તા વગેરે સુવિધાઓ પુરી પાડી છે. શહેરના તમામ ઝોનના સમતોલ વિકાસ માટે સુરત મહાનગરપાલિકા સતત પ્રયત્નશીલ છે. નજીકના ભૂતકાળમાં ભેસ્તાન ખાતેનો બાગ શહેરની પ્રજાને અર્પણ કર્યો છે. બોટાનીકલ ગાર્ડન પૂર્ણતાને આરે છે. સાફ–સફાઈની બાબતમાં સુરત મહાનગરપાલિકાએ સમગ્ર દેશમાં પ્રસંશનીય કામગીરી કરેલ છે. આ માટે પાલિકાના અધિકારી/કર્મચારીગણને અભિનંદન આપુ છું.

મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે શાસકીય પાંખે અધિકારી/કર્મચારીઓના સાથ સહકારથી છેલ્લા પાંચ વર્ષમાં વિકાસના ઘણા કામો કર્યા છે. લિંબાયત/ઉધના વિસ્તારમાં સુરતરના વિકાસનો પાયાનો પત્થર એવા શ્રમજીવી વર્ગ રહે છે જેમણે શહેરને ઔદ્યોગિક ક્રાંતિ પ્રદાન કરી છે અને જેના કારણે જે સુરતનો ઝડપી વિકાસ શકય બન્યો છે. ૬૩ જેટલા શહેરોમાંથી સુરત શહેરની એવોર્ડ માટે પસંદગી થઈ અને પાંચ જેટલા એવોર્ડ પ્રાપ્ત થયા છે એજ સુરત મહાનગરપાલિકાની ઉત્તમ કામગીરીનો નમૂનો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગોનાઈઝેશનના માપદંડ મુજબનું પાણી સુરત મહાનગરપાલિકા પુરું પાડી રહી છે. આવી ઉત્તમ કામગીરી બદલ તમામને અભિનંદન આપું છું.

અંતમાં જાહેર બાંધકામ સમિતિના મા. અધ્યક્ષશ્રી શશીકાંતભાઈ દાળિયાએ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા. શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, સુરત મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ, વોર્ડ સદસ્યશ્રીઓ, મા. કમિશનરશ્રી, અધિકારી/કર્મચારીગણ તેમજ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત નગરજનોનો આભાર માન્યો હતો.

TOP

## નોર્થઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ઝોનલ ચીફ શ્રી સી.જે.ગામીત સાહેબના માર્ગદર્શન હેઠળ વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ અટકાવવા અંગે ઓગષ્ટ–૧૦ માં ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી. જેમાં કતારગામ ઝોનનાં અલગ અલગ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં(મશરૂવાલા કમ્પાઉન્ડ, જરીવાલા કમ્પાઉન્ડ, જુની–નવી જી.આઈ.ડી.સી.)માં ટેરેસ, ડ્રમ/કેરબા, અન્ય પડતર સામાન ચેક કરવામાં આવ્યા. જેમાં ૩૦ સ્થળોએ મચ્છરની ઉત્પત્તિ જણાયેલ અને તે તમામ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યા. તથા ૨૨ જેટલી નોટીસ આપવામાં આવી. તદઉપરાંત કતારગામ ઝોનનાં મશરૂવાલા કમ્પાઉન્ડમાં આવેલ ઈન્દ્રજીતભાઈ મશરૂવાલાની મિલ્કતમાં મચ્છરની ઉત્પત્તિ જણાતાં રૂા.૩૦૦૦ વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તેમજ જરીવાલા કમ્પાઉન્ડમાં આવેલ સુરેશભાઈને પણ મચ્છરની ઉત્પત્તિ જણાતાં રૂા.૫૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. મશરૂવાલા કમ્પાઉન્ડ તેમજ જરીવાલા કમ્પાઉન્ડમાં કારખાનેદારોને મચ્છરની ઉત્પત્તિ અટકાવવા બાબતોની સમજણ આપવામાં આવી. જુની–નવી જી.આઈ.ડી.સી., કતારગામમાં અગાશી/ધાબાનાં તપાસ કરવામાં આવતાં અગાશી/ધાબાનું લેવલીંગ ન હોવાને મેલેરીયાનાં મચ્છરોની ઉત્પત્તિ જણાયેલ છે. જે રૂબરૂમાં બતાવી સમજણ આપવામાં આવી. તથા અગાશી ઉપરનાં પાણી ભરાવાનો નિકાલ કરવામાં આવ્યા.

TOP

## કતલખાના બંધ રાખવા અંગેની જાહેર સુચના

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮ થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/કતલખાનાઓ તા.૦૪–૦૯–૨૦૧૦ થી તા.૧૧–૦૯–૨૦૧૦ સુધી તેમજ અનંત ચતુર્દશી/ગણેશ વિસર્જન યાત્રા યોજાય તે દિને તા.૨૨–૦૯–૨૦૧૦ના રોજ એમ કુલ નવ દિવસો બંધ રહેશે.

TOP

## હવામાન વિભાગની આગાહી સંદર્ભે લેવાના પગલા અને પૂર્વ તૈયારી અંગેની સમીક્ષા



હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં થનાર ભારેથી અતિભારે વરસાદની આગાહી સંદર્ભમાં આજે સિંચાઈ વિભાગના, સી.ડબલ્યુ.સી.નાં અધિકારી, કલેકટરશ્રી,સુરત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી,સુરત દ્વારા આ પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

ઉકાઈ ખાતે બપોરે ૪.૦૦ વાગ્યે ડેમની સપાટી ૩૩૫.૧૩ ફુટ હતી. તથા ઉપરવાસમાં સામાન્ય વરસાદ છે, તેમ અધિક્ષક ઈજનેરશ્રી, ઉકાઈએ જણાવેલ છે. ઉકાઈના ચારેય હાઈડ્રો પાવર સ્ટેશન કાર્યરત છે. ૨૨,૦૦૦ ક્યુસેકસ પાણીનાં નિકાલમાં વધારો કરી સાંજના ૧૬.૦૦ કલાકથી ૬૦,૦૦૦ ક્યુસેકસ પાણીનો નિકાલ થઈ રહેલ છે. તેમજ આજે તા. ૩૦/૦૮/૨૦૧૦ની મધ્યરાત્રી ૧૨.૦૦ વાગ્યાથી તા.૩૧–૦૮–૨૦૧૦નાં સવારે ૪.૦૦ કલાક સુધીમાં ૨,૦૦,૦૦૦ ક્યુસેકસ પાણીનો નિકાલ કરવામાં આવશે.

વરસાદની આગાહી સંદર્ભે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજરોજ જિલ્લાના સંબંધિત તમામ અધિકારીશ્રીઓની મીટીંગનું આયોજન કરી હવામાન વિભાગની આગાહી સંદર્ભે લેવાના પગલા અને પૂર્વ તૈયારી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. સંબધિત તમામને મુખ્ય મથકે હાજર રહેવા અને જરૂરીયાતનાં સંદર્ભમાં પરિસ્થિતિને પહોંચી વળવા માટે એલર્ટ કરવામાં આવેલ છે.



સી.ડબલ્યુ.સી., ઉકાઈ ડેમના અધિકારીઓ, સિંચાઈ વિભાગના અધિકારીઓ તથા જિલ્લા વહીવટી તંત્ર અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહેલ છે.

આગોતરા આયોજનનાં ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના અઠવા, રાંદેર, સેન્ટ્રલ, વરાછા તથા કતારગામ ઝોનમાં આવેલ વિવિધ ફલ્ડ ગેટો પૈકી કુલ ૧૯ (ઓગણીસ) સ્થળોએ જુદી જુદી ક્ષમતા અને સાઈઝના કુલ ૩૫ (પાંત્રીસ) ડીવોટરીંગ પંપ મુકવામાં આવેલ છે. જે પૈકી ૨૨ (બાવીસ) ઈલેકટ્રીકલ અને ૧૩ (તેર) ડીઝલ પંપ છે. તે ઉપરાંત ભરીમાતા કોતર નં. ૭ પર ૨૫૦૦૦ **L.M.P.** નો ટ્રોલીમાઉન્ટેડ પંપ ગોઠવવામાં આવેલ છે.

TOP